# Most Imp Current Affairs - 1 to 15 September 2026

## 1 સપ્ટેમ્બર

- ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ (GOAT) ફૂટબોલર આર્જેન્ટીનાના લિઓનલ મેસ્સીએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી સંન્યાસ લીધો. મેસ્સી ફૂટબોલ ઇતિહાસના સૌથી **'ડેકોરેટેડ'** (સૌથી વધુ ટ્રોફી વિજેતા) ખેલાડી છે. એટલે કે તેમનાથી વધુ ટ્રોફી અન્ય કોઇએ જીતી નથી. 900થી વધુ ગોલ અને 400થી વધુ આસિસ્ટ સાથે તેઓ ઇતિહાસના સૌથી પ્રોડક્ટિવ એટેકિંગ ફૂટબોલર છે.

- 1થી 7 સપ્ટેમ્બર રાષ્ટ્રીય પોષણ સપ્તાહ મનાવવામાં આવે છે. આ આયોજન મહિલા અને બાળ વિકાસ મંત્રાલય હેઠળ કરવામાં આવે છે. વર્ષ 2026ની થીમ **Discover the power of Nutrition.**

- વડાપ્રધાન **નરેન્દ્ર મોદીને** ઉઝબેકિસ્તાનના પ્રમુખ **મિર્ઝીયોયેવ** દ્વારા દેશનું સર્વોચ્ચ સન્માન **ઓલી દરજલી દોસ્તલિક ઓર્ડર** આપવામાં આવ્યું. વડાપ્રધાનની ઉઝ્બેકીસ્તાન મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે વેપાર, ક્લીન એનર્જી અને કનેક્ટિવિટી ક્ષેત્રે સહયોગ વધારવા માટે ચર્ચાઓ થઇ.

- આઈઆઈટી મદ્રાસે (IIT Madras) તેના ચેન્નઈ કેમ્પસમાં **'ફાઈબોલ' (Phiball)** નામના એક નવા પ્રકારના રમતગમત ફોર્મેટનું લોન્ચિંગ કર્યું છે. ફાઇબોલ એ 3 ટીમો વચ્ચે રમાતી સ્પર્ધાત્મક ઇન્વેઝન સ્પોર્ટ (Invasion Sport) છે, જેને બાસ્કેટબોલ કરતાં ઓછી જગ્યા અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાત મુજબ ડિઝાઇન કરવામાં આવી છે. આ રમતમાં એકસાથે 3 ટીમો રમે છે. દરેક ટીમમાં કુલ 7 ખેલાડીઓ (4 ઓન-ફીલ્ડ અને 3 સબસ્ટિટ્યૂટ) હોય છે. આ ગેમ 8-8 મિનિટના 3 ક્વાર્ટરમાં રમાય છે.

- સિદ્ધપુરના પૂર્વ રણજી ખેલાડી **જયપ્રકાશ પટેલને** લાઇફ ટાઇમ અચીવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો. ક્રિકેટ ક્ષેત્રના તેમના 50 વર્ષના યોગદાન બદલ ગુજરાત ક્રિકેટ એસોસિશન અને રાજ્ય સરકારના રમત ગમત વિભાગે આ પુરસ્કાર આપ્યો છે.

- મહારાષ્ટ્રના મંત્રી **આશિષ શેલારને** 'ઈ-સ્પોર્ટ્સ ગેમ્સ ફેડેરેશન'(ESGF)ના પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા. 22 રાજ્યોના પ્રતિનિધિઓની હાજરીમાં સર્વાનુમતે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ઈ-સ્પોર્ટ્સને માત્ર વિડીયો ગેમિંગ કે મનોરંજન પૂરતું મર્યાદિત ન રાખતાં, તેને વ્યાવસાયિક રમત તરીકે વિકસાવવાથી યુવાનોને તાલીમ, રોજગારી અને કારકિર્દીની નવી તકો મળી શકે. ભારતમાં દરરોજ અંદાજ 11 કરોડ લોકો ગેમિંગ કરે છે. આ ક્ષેત્રમાં પ્રોફેશનલ રાષ્ટ્રીય ટીમો, સત્તાવાર નિયમો અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વનું એક મજબૂત માળખું ઊભું કરવામાં આવશે.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack GPSC easily with...
CRACK GPSC

## 2 સપ્ટેમ્બર

- વિશ્વ નારિયેળ દિવસ 2 સપ્ટેમ્બર. ભારતનાં 20 રાજ્યો નારિયેળનું ઉત્પાદન કરે છે, જે પૈકી ગુજરાત દેશમાં છઠ્ઠા ક્રમે છે. વિશ્વમાં 20.33 અબજથી વધુના એક વર્ષના ઉત્પાદન સાથે ભારત નારિયેળ ઉત્પાદનમાં પ્રથમ ક્રમે છે. જયારે ઇન્ડોનેશિયા બીજા અને ફિલિપયન્સ ત્રીજા ક્રમે છે.
- ચીને નેપાળ સરહદ સાથે જોડાયેલી તાતોપાની બોર્ડર બંધ કરી દીધી છે. આ નેપાળ માટે એક મોટો આર્થિક ઝટકો છે. બંને દેશો વચ્ચે 3 સરહદી માર્ગ છે - તાતાપાની, રાસુવાગઢી અને મુસ્તાંગનો કોરલા પાસ. રાસુવાગઢી માર્ગ આપત્તિ (પૂર/કુદરતી આફત)ના કારણે પહેલાથી જ ઠપ છે. આવી સ્થિતિમાં, હવે ગુડ્સ વ્હીકલ (માલવાહક વાહનો) માત્ર મુસ્તાંગના રસ્તેથી જ જઈ શકશે.
- મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન અનુસાર 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશની GDP ગ્રોથ **7.8%** રહી. આ RBIના 7%ના અનુમાનથી વધુ છે. આ ગતિ સાથે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહ્યું છે. આ દરમિયાન ચીનની ગ્રોથ 4.3%, અમેરિકાની 2.1%, સિંગાપોરની 5.6% અને મલેશિયાની 6% રહી.
- ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલયે સેમિકોન 2.0 યોજના અધિસૂચિત કરી. તેના માટે 1.27 લાખ કરોડ રૂ.નું પ્રાવધાન છે. યોજનાનું લક્ષ્ય દેશમાં ચિપ નિર્માણ અને ડિઝાઇનનું મજબૂત સિસ્ટમ બનાવવાનો છે. ચિપ પ્લાન્ટ લગાવવા પર કેન્દ્ર 40% સુધી મદદ આપશે. તેના માટે 20 હજાર કરોડ રૂ.નું રોકાણ જરૂરી હશે.
- આ વર્ષે રેમન મેગ્સેસે પુરસ્કારના 3 વિજેતા પસંદ કરવામાં આવ્યા. સિંગાપોરના રાજદ્વારી ટોમી કોહને દરિયાઇ કાયદા, મ્યાનમારના માનવાધિકાર કાર્યકર્તા **બો ક્યીને** રાજકીય કેદીઓના અધિકારો અને બાંગ્લાદેશની સામાજિક કાર્યકર્તા **રૂના ખાનને** ગરીબોની મદદ, જળવાયુ પરિવર્તનના કામ માટે સન્માન મળશે.
- કિર્ગિસ્તાનની રાજધાની **બિશ્કેકમાં** છઠ્ઠી વર્લ્ડ નોમેડ ગેમ્સનો ભવ્ય પ્રારંભ થયો છે. એસસીઓ સંમેલન માટે બિશ્કેકમાં હાજર રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સહિત અનેક વૈશ્વિક નેતા હાજર રહ્યા હતા. અહીં 50000થી વધુ દર્શકો હાજર રહ્યા હતા. તેમાં ભારતે 87 સભ્યના જૂથને મોકલ્યું છે, જેમાં 73 ખેલાડીઓ સામેલ છે. આ ગેમની શરૂઆત 2014માં કિર્ગિસ્તાન દ્વારા ધુમંતૂ સમુદાયોની રમતની પરંપરાઓ અને સંસ્કૃતિને સંરક્ષિત કરવા માટે કરાઇ હતી.

## 3 સપ્ટેમ્બર

- કેન્દ્ર સરકાર પ્રાદેશિક હવાઇ જોડાણ વધારવા માટે આગામી 10 વર્ષમાં દેશભરમાં 100 નવાં એરપોર્ટ બનાવવાની યોજના ધરાવે છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયની UDAN યોજના હેઠળ આ પ્રોજેક્ટ પર આશરે 30,000 કરોડ ખર્ચાશે. તેનો ઉદ્દેશ ટાયર-2, ટાયર-3 શહેરો અને દૂરના વિસ્તારોને હવાઇ સેવાઓથી જોડવાનો છે.

- **મહારાષ્ટ્ર** સરકારે 2029 સુધીમાં રાજ્યને ડ્રગમુક્ત બનાવવાની નીતિને મંજૂરી આપી. આ સાથે, મહારાષ્ટ્ર આવી નીતિ લાગુ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું. આ નીતિમાં 2027ના નવા શૈક્ષણિક સત્રથી ધોરણ 5ના અભ્યાસક્રમમાં ડ્રગ જાગૃતિનો પાઠ પણ શામેલ છે.

- Appleના CEO ટિમ કુકનો 15 વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતાં કંપનીના હાર્ડવેર એન્જિનિયરિંગ વિભાગના વરિષ્ઠ ઉપપ્રમુખ **જૉન ટર્નસ** Appleના નવા CEO તરીકે કાર્યભાર સંભાળશે. Appleના બોર્ડ ઑફ ડિરેક્ટર્સે આ નિયુક્તિને સર્વસંમતિથી મંજૂરી આપી. જ્યારે ટિમ કુક Appleના બોર્ડના Executive Chairman બનશે. Appleનું મુખ્યાલય ક્યુપરટિનો, કેલિફોર્નિયા ખાતે છે. Appleની સ્થાપના એપ્રિલ, 1976માં સ્ટીવ જોબ્સ, સ્ટીવ વોઝનિયાક અને રોનાલ્ડ વેઇન દ્વારા કરવામાં આવી હતી.

- કર્ણાટકના ચિક્કમગલુરુ જિલ્લાના કુદ્રેમુખ પર્વતીય વિસ્તારમાં નીલકુરિંજી જેવાં વાદળી-જાંબલી ફૂલો ખીલ્યાં છે. ટ્રેકિંગ માર્ગોની આસપાસ જોવા મળતાં આ ફૂલોએ પશ્ચિમ ઘાટની હરિયાળીનું સૌંદર્ય વધાર્યું છે અને પ્રકૃતિપ્રેમીઓનું ધ્યાન ખેંચ્યું છે. નિલકુરિંજી પશ્ચિમ ઘાટના શોલા જંગલોમાં જોવા મળતો છોડ છે અને તે સામાન્ય રીતે 12 વર્ષના અંતરે સામૂહિક રીતે ખીલવા માટે જાણીતો છે. જોકે કુદ્રેમુખમાં હાલમાં જોવા મળેલાં ફૂલોને સીધાં નિલકુરિંજી ગણવા કરતાં 'નિલકુરિંજી જેવાં' દેખાતાં દુર્લભ ફૂલો તરીકે ઓળખવામાં આવી રહ્યાં છે. નિલકુરિંજીનું વૈજ્ઞાનિક નામ Strobilanthes kunthiana છે. કુદ્રેમુખનો અર્થ "ઘોડાનું મુખ" થાય છે.

- NASAનું નેન્સી ગ્રેસ રોમન સ્પેસ ટેલિસ્કોપ SpaceXના Falcon Heavy રોકેટ દ્વારા સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું. તેનું પ્રક્ષેપણ કેનેડી સ્પેસ સેન્ટર, ફ્લોરિડાના લોન્ચ કોમ્પ્લેક્સ 39A પરથી થયું હતું. આ ટેલિસ્કોપ બ્રહ્માંડનાં સૌથી મોટાં રહસ્યો, ખાસ કરીને ડાર્ક મેટર અને ડાર્ક એનર્જીનો અભ્યાસ કરશે. તે આપણા સૌરમંડળની બહારનાં ગ્રહોની પણ શોધ અને અભ્યાસ કરશે. તે પૃથ્વીથી આશરે 16 લાખ કિલોમીટર દૂર આવેલા સૂર્ય–પૃથ્વીના બીજા લાગ્રાંજ બિંદુ (L2) નજીક કાર્ય કરશે. NASAના જણાવ્યા મુજબ તે તેના વિશાળ Field of Viewને કારણે Hubble કરતાં ઓછામાં ઓછો 100 ગણો વિશાળ વિસ્તાર જોઈ શકશે.

- બિહાર અને ઝારખંડે સોન નદીના પાણીની વહેંચણી અંગે સહમતી આપી છે. 2000માં ઝારખંડની રચના પછી લગભગ 25 વર્ષથી વિવાદિત રહેલા જળવહેંચણીના મુદ્દાનો ઉકેલ લાવવાની આ મહત્ત્વપૂર્ણ પહેલ છે. 1973ના **બાણસાગર કરાર** હેઠળ અવિભાજિત બિહારને ફાળવવામાં આવેલા કુલ 7.75 મિલિયન એકર-ફૂટ (MAF) પાણીમાંથી હવે બિહારને 5.75 MAF અને ઝારખંડને 2 MAF મળશે. મૂળ બાણસાગર કરાર **મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ** અને તત્કાલીન અવિભાજિત **બિહાર** વચ્ચે થયો હતો. આ કરાર બંને રાજ્યોના પાણીના હિસ્સા અંગે સ્પષ્ટતા લાવશે. આ વહેંચણી અવિભાજિત બિહારને મળેલા હિસ્સાની છે, સમગ્ર સોન નદીના પાણીની નહીં.

## 4 સપ્ટેમ્બર

- **ભારત અને બેલ્જિયમે** સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગને નવી દિશા આપતાં સૈન્ય ટેકનોલોજી અને ઉત્પાદન સાથે જોડાયેલા અનેક કરાર કર્યા છે. પીએમ મોદી અને બેલ્જિયમના પીએમ બાર્ટ ડી વેવર વચ્ચેની ચર્ચામાં સૈન્ય આદાન-પ્રદાન, દરિયાઇ સુરક્ષામાં સહયોગ વધારવા પર સહમતિ બની છે. કરારોમાં **જોરાવર લાઈટ ટેન્કના બુર્જ, દારૂગોળો** સામેલ છે. એલએન્ડટી, એક્સાઇલની ભાગીદારીથી નૌકાદળને સમુદ્રમાં બારૂદી

સુરંગ નિષ્ક્રિય કરવા સ્વાયત્ત ટેકનોલોજી મળશે. જોન કોકરીલ ડિફેન્સ અને L&T 3105 બુર્જ બનાવશે. આ ટેકનોલોજી ઊંચાઈવાળા સરહદી ક્ષેત્રમાં તેનાતી માટે વિકસાવાઈ રહેલી જોરાવર ટેન્કમાં વપરાશે. લાશોસે અને ટેમ્બો ક્લાસિક એન્જિનિયરિંગના કરાર હેઠળ ભારતમાં દારૂગોળો ઉત્પાદન પ્લાન્ટ સ્થપાશે.

- સ્વરકાર **ગૌરાંગ વ્યાસનું** નિધન થયું. 2500 જેટલા સ્વરાંકનોમાં યોગદાન આપનાર ગૌરાંગ વ્યાસે 1970થી 1980ના દાયકામાં ગુજરાતી ફિલ્મોના સુવર્ણકાળમાં અનેક ફિલ્મોમાં સંગીત આપ્યું છે. **'ભવની ભવાઈ', 'કાશીનો દીકરો' જેવી ક્લાસિક અને સમાંતર ફિલ્મોથી** લઈને અનેક લોકપ્રિય વ્યાવસાયિક ફિલ્મોમાં તેમના સંગીતબદ્ધગીતો ખૂબ જાણીતાં બન્યાં. ફિલ્મ 'ભવની ભવાઈ'ના સંગીત માટે તેમને વિશેષ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે ખૂબ પ્રશંસા મળી હતી. ગુજરાતી કવિતા અને ગઝલને લોકપ્રિય બનાવવામાં ગૌરાંગ વ્યાસનું યોગદાન પાયાનું રહ્યું છે. રમેશ પારેખ, મરીઝ, આદિલ મન્સૂરી, ચિનુ મોદી જેવા અગ્રણી કવિઓની રચનાઓને તેમણે અત્યંત સરળ, ભાવસભર અને કર્ણપ્રિય સ્વરાંકન આપ્યા છે. તેમના દ્વારા સ્વરબદ્ધ થયેલા ગીતો આજેપણ દરેક સંગીત પ્રેમીના મુખે ગવાય છે. **'દીકરી તો પારકી થાપણ કહેવાય'** તેમનું પ્રખ્યાત અને પ્રચલિત ગીત છે.

- ગણેશોત્સવ, નવરાત્રી, દિવાળી અને રમજાન દરમિયાન યોજાતા ભંડારા, મહાપ્રસાદ, લંગર અને ઇફ્તાર જેવી સામૂહિક ભોજન વ્યવસ્થાઓ માટે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ કડક નિયમો લાગુ કર્યા છે. હવે કોઈપણ સામૂહિક અન્ન વિતરણ કાર્યક્રમની માહિતી ઓછામાં ઓછા 7 દિવસ પહેલાં આપવી ફરજિયાત રહેશે. આયોજકોએ નક્કી કરેલા ફોર્મેટમાં સ્થાનિક ફૂડ સેફ્ટી ઓફિસરને જાણ કરવી પડશે. આ પ્રકારની સિસ્ટમ શરુ કરનાર **મહારાષ્ટ્ર** દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

- ઇન્ડિયન મહિલા ક્રિકેટર **સ્મૃતિ માંધાનાએ** દુબઇ ખાતે ચાલી રહેલ વિમેન્સ એશિયા કપ ટી 20 મેચમાં હોંગકોંગ સામે 64 બોલમાં શાનદાર **124 રન** બનાવીને વિમેન્સ એશિયા કપનો સૌથી શ્રેષ્ઠ સ્કોર બનાવ્યો.

- કુદરતી આપત્તિ વ્યવસ્થાપન કે તબીબી કટોકટી વખતે રાહત-બચાવ કામગીરી અને સરકારી વીવીઆઇપીના પ્રવાસ દરમિયાન હેલિપૅડનો તાત્કાલિક અને બિન-અવરોધિત ઉપયોગ સુનિશ્ચિત કરવા રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. માર્ગ અને મકાન વિભાગે પરિપત્ર બહાર પાડી રાજ્યનાં તમામ હયાત હેલિપૅડને સતત ઑપરેશનલ કન્ડિશનમાં રાખવા માટે જણાવ્યું છે.

## 5 સપ્ટેમ્બર

- ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ક્રિએટીવ ટેકનોલોજી (IICT) અને Netflixએ ભારતના 100 વિદ્યાર્થીઓ અને કાર્યરત વ્યાવસાયિકો માટે સ્કોલરશિપની જાહેરાત કરી છે. જે અંતર્ગત પસંદ થયેલા ઉમેદવારોને અભ્યાસક્રમની ફીના 50થી 80 ટકા સુધીની આર્થિક સહાય મળશે. આ યોજના બે એકવર્ષીય ડિપ્લોમા ઇન્ટરએક્ટિવ કોમિક્સ એન્ડ સિક્વન્સિયલ આર્ટ્સ અને વિઝ્યુઅલ ઇફેક્ટ્સ માસ્ટરી તથા ચાર 6 માસિક સર્ટિફિકેટ કોર્સિસ Virtual Art Department Content Creation, Media Tech Workflow, Art of Character Animation અને E-Sports & Gaming Management માટે લાગુ પડશે.

- ભારતીય નૌકાદળને તેનું પ્રથમ સ્વદેશી Multi-Purpose Vessel (MPV) **'સમર્થક'** આપવામાં આવ્યું. આ જહાજનું નિર્માણ લાર્સન એન્ડ ટૂબ્રો દ્વારા કટ્ટુપલ્લી, તમિલનાડુ ખાતે કરવામાં આવ્યું છે. તેમાં 75%થી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ થયો છે. સમર્થક સમુદ્રી દેખરેખ, ટૉર્પિડો તથા વિવિધ હવાઈ, સપાટી અને પાણીની અંદરનાં લક્ષ્યોના પ્રક્ષેપણ–પુનઃપ્રાપ્તિ માટે ઉપયોગી બનશે. 'સમર્થક' બે MPVમાંથી પ્રથમ જહાજ છે, બીજું જહાજ **'ઉત્કર્ષ'** છે. સમર્થકનો અર્થ વિવિધ મિશનોમાં સહાયક. MPV એટલે વિવિધ પરીક્ષણ, દેખરેખ, તાલીમ અને સહાયક નૌસૈનિક કામગીરી માટે રચાયેલ બહુહેતુક જહાજ.

- કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે વિશ્વ સરોવર દિવસ નિમિત્તે **અમરેલી જિલ્લાના દુધાળા ગામ** નજીક **ગાગડિયો** નદી પર નિર્મિત **'ગુજરાત ગૌરવ સરોવર'નું** લોકાર્પણ કર્યું. હરેકૃષ્ણ ગ્રુપ અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા વિકસાવાયેલ આ સરોવર 21 એકરમાં ફેલાયેલું છે અને 40 કરોડ લિટર પાણીની સંગ્રહ ક્ષમતા ધરાવે છે. વિશ્વ સરોવર દિવસ દર વર્ષે 27 ઑગસ્ટે ઉજવાય છે.

- **તુર્કિયે** અવકાશના શાંતિપૂર્ણ, પારદર્શક અને જવાબદાર સંશોધનને પ્રોત્સાહન આપતા **નાસાના આર્ટેમિસ એકોર્ડ્સ (Artemis Accords)** પર હસ્તાક્ષર કરીને આ કરારમાં જોડાનાર **71મો** દેશ બન્યો છે. અમેરિકાના વોશિંગ્ટન સ્થિત નાસા મુખ્યાલયમાં યોજાયેલા સમારોહ દરમિયાન તુર્કિયેના ઉદ્યોગમંત્રી મેહમેત ફાતિહ કાચિરે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આર્ટેમિસ એકોર્ડ્સ ચંદ્ર, મંગળ અને તેનાથી આગળના અવકાશી સંશોધનમાં આંતરરાષ્ટ્રીય સહકાર માટેના વ્યવહારુ સિદ્ધાંતો નક્કી કરે છે. આર્ટેમિસ એકોર્ડ્સની સ્થાપના 2020માં થઇ હતી. ભારત આ એકોર્ડ્સમાં જૂન 2023માં જોડાઈને 27મો દેશ બન્યો હતો.

- કર્ણાટકના ગડગ જિલ્લામાં આવેલા ઐતિહાસિક **લક્કુંડી** ખાતે જમીનમાં દટાયેલાં પ્રાચીન સ્મારકો શોધવા માટે છ મહિના સુધી LiDAR (Light Detection and Ranging) સર્વે અને જિયોસ્પેશિયલ મેપિંગ હાથ ધરવામાં આવશે. LiDAR એક રિમોટ સેન્સિંગ ટેકનોલોજી છે, જેમાં લેસર પલ્સનો ઉપયોગ કરીને જમીન અને સપાટીઓનું અંતર માપવામાં આવે છે. પુરાતત્વમાં તેનાથી ખોદકામ કર્યા વિના જમીનની સપાટી, દટાયેલી દીવાલો, સ્થાપત્યના અવશેષોને ઓળખી શકાશે. લક્કુંડી કર્ણાટકના 10મીથી 12મી સદી કલ્યાણી ચાલુક્ય (પશ્ચિમી ચાલુક્ય)ના મંદિર સ્થાપત્ય માટે જાણીતું છે. લોકવાયકાઓ અનુસાર અહીં 101 મંદિરો અને 101 વાવ હતાં.

- ઉપરાષ્ટ્રપતિ **સી. પી. રાધાકૃષ્ણને લક્ષદ્વીપના અગત્તીમાં** આયોજિત ફિશરીઝ આઉટરિચ પ્રોગ્રામ **દરમિયાન 'મિશન રંગીન માછલી 2031'ની** વ્યૂહાત્મક કાર્યયોજના જાહેર કરી. આ મિશનનો હેતુ લક્ષદ્વીપમાં 'સુશોભન મત્સ્યપાલન'નો વૈજ્ઞાનિક વિકાસ કરવાનો છે. લક્ષદ્વીપ પાસે આશરે 4,200 ચોરસ કિલોમીટરનો લગૂન વિસ્તાર અને લગભગ 4 લાખ ચોરસ કિલોમીટરનો વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર (EEZ) છે. આનાથી ટ્યૂના, સીવીડ અને સુશોભન માછલીઓ જેવાં ઉચ્ચ મૂલ્ય ધરાવતાં દરિયાઇ સંસાધનોના ટકાઉ ઉપયોગને પ્રોત્સાહન મળશે.

- ભારતે **હેગ** સ્થિત લવાદી કોર્ટ દ્વારા સિંધુ જળ સંધિ (IWT) અંગે આપવામાં આવેલા તાજેતરના નિર્ણયને સંપૂર્ણપણે નકારી કાઢતાં જણાવ્યું કે આ અદાલત પાસે ભારતના સાર્વભૌમ નિર્ણયો અંગે ચુકાદો આપવા માટે કોઈ અધિકારક્ષેત્ર નથી. ભારતના વિદેશ મંત્રાલયે આ અદાલતને "ગેરકાયદેસર રીતે રચાયેલી" સંસ્થા ગણાવી છે.

# 6 સપ્ટેમ્બર

- ભારત આગામી 5 વર્ષમાં પોતાની ડેટા સેન્ટર ક્ષમતા 1.3 ગીગાવોટથી વધારીને 10 ગીગાવોટ કરવાની તૈયારીમાં છે. અનુમાન છે કે આના માટે **રૂ. 8થી 10 લાખ કરોડ (100-150 અબજ ડૉલર)નું** રોકાણ થશે. આ રોકાણથી પણ મોટી વાત તે સંસાધનોની છે, જેની એઆઇ ડેટા સેન્ટરોને જરૂર પડશે. 2030 સુધીમાં આ કેન્દ્રો માટે આશરે પાંચ કરોડ ચોરસ ફૂટ જમીન, વર્તમાન કરતાં સાત ગણી વધુ વીજળી અને આશરે 11 ગણું વધુ પાણી જોઇશે. એટલે કે એઆઇની આગામી લડાઇ સર્વર અને ચિપ્સ કરતાં વધુ વીજળી, પાણી અને જમીનની ઉપલબ્ધતા પર થશે. કેટલાંય સંશોધનો દર્શાવે છે કે જો ડેટા સેન્ટર્સની ટેકનોલોજી બદલવામાં નહીં આવે તો 2047 સુધીમાં આપણાં 30 મોટાં શહેરોના 1.8 કરોડ પરિવારોને ભીષણ જળ સંકટ અને વીજ કાપનો સામનો કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં જરૂરી છે કે આ વિકાસયાત્રાને આયોજનબદ્ધ રીતે લાગુ કરવામાં આવે. દુનિયામાં અત્યારે 11,000 ડેટા સેન્ટર્સ છે, તેમાંથી ભારતમાં માત્ર 278 છે. **જામનગરમાં** રિલાયન્સ **મેટાની** ભાગીદારીમાં 3 ગીગાવોટ સ્તરનું એઆઇ ડેટા સેન્ટર વિકસિત કરી રહ્યું છે. **વિશાખાપટ્ટનમમાં** ગૂગલ, અદાણી અને એરટેલની ભાગીદારીમાં મોટું એઆઇ હબ વિકસી રહ્યું છે.

- કોલકાતાની ઐતિહાસિક દુર્ગા પૂજામાં આ વખતે એક મોટો બદલાવ જોવા મળશે, જે આમ તો પરંપરાગત છે, પરંતુ નવી પેઢી માટે તદ્દન નવો છે. હકીકતમાં, **મૂર્તિઓના સૌથી મોટા કારખાના** એટલે કે **કુંભારટોલીમાં** જ્યાં છેલ્લાં 10 વર્ષથી આધુનિક અને પ્રયોગાત્મક થીમ આધારિત દુર્ગાપ્રતિમાઓ બનતી આવી રહી હતી, ત્યાં પ્રતિમાઓ પરંપરાગત **'સાબેકી' (એકચાલા)** શૈલીમાં જોવા મળશે. આ શૈલીમાં મા દુર્ગાનો આખો પરિવાર અને મહિષાસુર એક જ **ડાકીસાજ** (ડાકના ઘરેણાં)ની સાથે એક જ માળખામાં (એક જ ફ્રેમમાં) બિરાજમાન હોય છે. માતાનો ચહેરો પરંપરાગત બંગાળી નયન-નક્ષ (આંખ અને ચહેરાના હાવભાવ) વાળો હોય છે. કુંભારટોલી આખા પશ્ચિમ બંગાળનું સૌથી મોટું મૂર્તિ કારખાનું છે. અહીં આ વખતે પણ આશરે 6500 પ્રતિમા બની રહી છે. તેમાંથી 90% સાબેકી શૈલીવાળી છે. સાબેકી શબ્દનો અર્થ બંગાળી ભાષામાં **પરંપરાગત કે પુરાતન** થાય છે.

- ઇસરોએ દેશનો પ્રથમ ઇમેજિંગ ઉપગ્રહ છોડ્યો, જે દર **30 મિનિટે** દેશની તસવીરો ખેંચશે. આ ઉપગ્રહની મદદથી પૂર, વાવાઝોડું અને જંગળની આગ જેવી ઘટનાનું રિયલ ટાઇમ મોનીટરીંગ થશે તથા ખેતીમાં પાકની સ્થિતિ, માટીનો ભેજ, વનસ્પતિના સ્વાસ્થ્યનો અભ્યાસ પણ કરી શકાશે. જીઓસિંક્રોનસ ઓરબીટમાંથી સંચાલિત થતો આ ઉપગ્રહ પૃથ્વીથી 36,000 કિમીની ઉંચાઇ પર સ્થિત હોવાને કારણે પૃથ્વીની પરિભ્રમણ ગતિ સાથે જોડાઇને રિયલ ટાઇમ તસવીરો આપી શકશે.

- અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ એકે-203 એસોલ્ટ રાઇફલ્સ માટે 5 વર્ષ સુધી દારૂગોળો સપ્લાય કરશે. કંપનીએ આ કરાર ઇન્ડો-રશિયન રાઇફલ્સ પ્રાઇવેટ લિમિટેડ (આઇઆરઆરપીએલ) સાથે કર્યો છે. આ અંતર્ગત આઇઆરઆરપીએલને ભારતમાં નિર્મિત 7.62x39 મીમીનો દારૂગોળો મળશે. એકે-203 રાઇફલ અમેઠીના કોરવા પ્લાન્ટમાં બને છે.

- **કર્ણાટકના** શિક્ષકો હવે પોતાના નામની આગળ **'Tr'** લગાવી શકશે. સીએમ ડી.કે. શિવકુમારે શિક્ષક દિવસ પર આ જાહેરાત કરી. તેમણે કહ્યું કે આ કોઇ ઉપાધિ નથી, પરંતુ શિક્ષકોના સમાજમાં યોગદાનના

સન્માનનું પ્રતીક હશે. 'Tr'નો ઉપયોગ ડૉક્ટર માટે 'Dr'. એન્જિનિયર માટે 'Er' અને પ્રોફેસર માટે 'Prof'ની જેમ જ કરાશે.

- બિહાર કેડરના 1995 બેચના IPS અધિકારી **જગ મોહનને** ઇન્ટેલિજન્સ બ્યુરો (IB)ના સ્પેશિયલ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ હાલમાં એડિશનલ X ડિરેક્ટર તરીકે સેવા આપે છે. IB દેશની અગ્રણી આંતરિક ગુપ્તચર એજન્સી છે.

- સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP)ના અહેવાલ મુજબ, વૈશ્વિક તાપમાન ટૂંક સમયમાં 1.5°C થ્રેશોલ્ડ (પૂર્વ-ઔદ્યોગિક સરેરાશ તાપમાનની તુલનામાં)ને વટાવી શકે છે. તાપમાન પછીથી ઘટાડી શકાય છે; UNEP એ આ માર્ગને 'ઓવરશૂટ, પીક અને ડિક્લાઇન' ગણાવ્યો છે.

## 7 સપ્ટેમ્બર

- ભરૂચના **ઝઘડિયા** ખાતે કાર્યરત સેવા રૂરલ સંસ્થાને સિકલ સેલ રોગથી પીડાતી સગર્ભા મહિલાઓ માટે વિકસાવેલા સારવાર મોડલ બદલ પ્રતિષ્ઠિત 'બીએમજે એવોર્ડ્સ સાઉથ એશિયા 2026' એનાયત કરવામાં આવ્યો. માતૃ અને બાળ સ્વાસ્થ્ય કેટેગરીમાં ડૉ. ગાયત્રી દેસાઈના નેતૃત્વ હેઠળ સેવા રૂરલને આ સન્માન મળ્યું. સેવા રૂરલે 10,500થી વધુ આદિવાસી પ્રસૂતિઓના બેઝલાઇન ડેટાનું વિશ્લેષણ કરતાં સિકલ સેલ ગ્રસ્ત સગર્ભાઓ અને તેમના બાળકો સામેનું જોખમ ચિંતાજનક હોવાનું નોંધ્યું હતું.

- સરહદ પર ભારતીય જવાન **'સુપરહ્યુમન'** બની જશે. તેઓ 100થી 200 કિલો સુધીના ભારે હથિયાર સાથે પણ દોડી શકશે. આવું **'હ્યુમન એ કઝો સૂટ'** પહેરવાથી શક્ય બનશે. હ્યુમન એક્ઝોસૂટ સૂટ પહેર્યા પછી જવાનો 100થી 200 કિલો સામાન, હથિયાર અને દારૂગોળો લાદવા છતાં પણ વધારે ભાર કે થાક અનુભવશે નહીં. આ ટેકનોલોજીને રક્ષા મંત્રાલયના આઈડીઈએક્સ પ્રોજેક્ટ અને અદિતિ પ્રોગ્રામ હેઠળ કોટાના એન્જિનિયર **ગૌરવે** તૈયાર કરી છે. આ ટેકનોલોજી પર કામ કરી રહેલી ટીમે માત્ર દોઢ મહિનામાં એડવાન્સ વર્ઝન **'હનુમંતા એક્સો 1.2'** તૈયાર કર્યું છે અને તેનું સફળ ટ્રાયલ પણ કરી લીધું છે. પહેલાં આ સૂટનું વજન 11.1 કિલો હતું. જે હવે માત્ર 7.5 કિલો કરાયું છે. ગૌરવનું આ સ્ટાર્ટઅપ **'રેક ડેફટેક ડિફેન્સ'** IIT દિલ્હીના સોનીપત સ્થિત અટલ ઇન્ક્યુબેશન સેન્ટર સાથે જોડાયેલું છે. એક્ઝોસૂટનું લેબ ટેસ્ટિંગ અને ટેકનિકલ સુધારા સોનીપત સેન્ટરમાં થાય છે. આ ટીમ સેનાની જરૂરિયાતો મુજબ મોડલ્સ તૈયાર કરી રહી છે.

- 7 સપ્ટેમ્બર- International day of clean air for blue skies. સંયુક્ત રાષ્ટ્ર મહસભાએ આકાશ માટે આંતરરાષ્ટ્રીય શુદ્ધ હવા દિવસ માટેનો ઠરાવ 2019માં પસાર કર્યો હતો અને 2020માં આં દિવસ પ્રથમ વાર ઉજવવામાં આવ્યો હતો. વર્ષ 2026ની આ દિવસની થીમ - **Clean Air for Climate Action.**

- યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)એ વિશ્વના નકશાઓમાં થતી ભૌગોલિક ખામીઓ અને વિકૃતિઓને સુધારવા માટે **'Correct the Map'** ઠરાવ પસાર કર્યો છે. ભારતે આ ઠરાવની તરફેણમાં મતદાન કર્યું છે અને સ્પષ્ટતા કરી છે કે તેનું સમર્થન સામાન્ય રીતે ઇક્વલ-એરિયા મેપ પ્રોજેક્શન માટે છે, માત્ર કોઈ એક ચોક્કસ પ્રોજેક્શન મોડેલ માટે નહીં. આ ઠરાવ **ટોગો (Togo) દ્વા**રા પ્રાયોજિત કરવામાં આવ્યો હતો અને **આફ્રિકન યુનિયન (African Union)** દ્વારા તેને સમર્થન આપવામાં આવ્યું હતું. તે 164 મતોથી પસાર થયો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ (USA)એ તેની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. જ્યારે 6 દેશો

એસ્ટોનિયા, જ્યોર્જિયા, લિથુઆનિયા, મોલ્દોવા, સર્બિયા અને યુક્રેન ગેરહાજર રહ્યા હતા. મર્કેટર પ્રોજેક્શનએ 16મી સદીમાં વિકસિત થયેલ પ્રોજેક્શન નેવિગેશન માટે વ્યાપકપણે વપરાય છે, પરંતુ તે વિષુવવૃત્તથી દૂર જતાં જમીન વિસ્તારના કદમાં વિકૃતિ સર્જે છે. ઉદાહરણ તરીકે, આ નકશામાં ગ્રીનલેન્ડ અને આફ્રિકા સમાન કદનાં દેખાય છે, પરંતુ વાસ્તવમાં આફ્રિકા ગ્રીનલેન્ડ કરતાં 14થી 15 ગણું મોટું છે. દક્ષિણ એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકા જેવા વિષુવવૃત્તીય પ્રદેશો પરંપરાગત નકશામાં તેમના વાસ્તવિક ક્ષેત્રફળ કરતાં નાના દેખાય છે.

- ડુમિનિકન રિપબ્લિકના જોહેરી મોલા ડોમિનગુએઝએ વિયેતનામ ખાતે આયોજિત 73મી મિસ વર્લ્ડ 2026નો તાજ પોતાના નામે કર્યો છે. જોહેરી મોલા 'વોઇસીસ ઓફ ટુમોરો' સંસ્થાનાં સ્થાપક અને પ્રમુખ છે, જે વંચિત સમુદાયનાં બાળકો માટે અંગ્રેજી શિક્ષણ અને સાહિત્યિક તાલીમ ક્ષેત્રે કામ કરે છે. ભારત તરફથી ઉજ્જૈન (મધ્યપ્રદેશ)ની **નિકિતા પોરવાલે** ભાગ લીધો હતો, જેઓ ફેમિના મિસ ઇન્ડિયા વર્લ્ડ 2024 ની વિજેતા રહી ચૂક્યાં છે. તેઓ આ સ્પર્ધામાં ટોપ 20માં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યાં હતાં. મિસ વર્લ્ડ સ્પર્ધાની આગામી આવૃત્તિનું આયોજન તાંઝાનિયામાં કરવામાં આવશે. મિસ વર્લ્ડ સ્પર્ધાની શરૂઆત 1951 માં બ્રિટનથી થઇ હતી અને આ વર્ષે સ્પર્ધાએ પોતાની 75મી વર્ષગાંઠ ઉજવી હતી.
- સુપ્રીમ કોર્ટે 'ઓલ ઇન્ડિયા જજીસ એસોસિએશન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા' કેસમાં મહત્વનો ચુકાદો આપીને 7 રાજ્યો છત્તીસગઢ, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, સિક્કિમ, તામિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં જિલ્લા ન્યાયાધીશોની નિવૃત્તિ વય 60થી વધારીને 62 વર્ષ કરવા સૂચના આપી છે. 60 વર્ષની વયે પહોંચ્યા પછી સંબંધિત હાઇકોર્ટ તેમની કાર્યક્ષમતા ચકાસીને જ 2 વર્ષનો વધારો આપશે.

## <u>8 સપ્ટેમ્બર</u>

- સ્વિટ્ઝર્લેન્ડના ઝ્યુરિચ કન્વેન્શન સેન્ટર ખાતે 36મા વાર્ષિક આઇજી નોબેલ પુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પુરસ્કાર સમારોહના ઇતિહાસમાં પ્રથમ વખત **અમેરિકાની** બહાર યોજાયો હતો. આ એવોર્ડ **'એનાલ્સ ઓફ ઇમ્પ્રોબેબલ રિસર્ચ'** સંસ્થા દ્વારા આપવામાં આવે છે. પેસિફિક બીટલ કોકરોચના દૂધમાં રહેલા પ્રોટીન ક્રિસ્ટલ્સ પરના સંશોધન માટે લિયોનાર્ડ લિયો ચાવસ, રામાસ્વામી સુબ્રમણ્યન અને નાથન કૌસેન્સને રસાયનશાસ્ત્ર કેટેગરીમાં આ એવોર્ડ મળ્યો હતો. આ સંશોધનમાં જાણવા મળ્યું કે આ દૂધમાં ગાયના દૂધ કરતાં 3 ગણી વધુ ઊર્જા હોય છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીના માટિલ્ડા બ્રિન્ડલ અને સ્ટુઅર્ટ વેસ્ટ તથા ફ્લોરિડા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના કેથરિને એફ. ટેલબોટને કીડીઓ, પક્ષીઓ, ધ્રુવીય રીંછ અને મનુષ્યોમાં ચુંબન (kissing) ની વૈજ્ઞાનિક વ્યાખ્યા આપવા માટે બાયોમિકેનિક્સ કેટેગરીમાં આ એવોર્ડ એનાયત કરાયો હતો. અસાહિકાવા મેડિકલ યુનિવર્સિટીના તોકુજી ઉન્નોને 1977ના સંશોધન પત્રમાં લોકો નાક કેવી રીતે સાફ કરે છે તેના એરોડાયનેમિક અભ્યાસ માટે મરણોપરાંત ચિકિત્સા કેટેગરીનો આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. ધનવાન વ્યક્તિઓના અનૈતિક વર્તન પરના અભ્યાસ માટે પોલ પિફ અને તેમની ટીમને અર્થશાસ્ત્ર કેટેગરીમાં આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. ઝ્યુરિચ યુનિવર્સિટી અને એગ્રોસ્કોપ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના સંશોધકોને "અંડરવેર એઝ એવિડન્સ" પ્રોજેક્ટ માટે સોઇલ સાયન્સ કેટેગરીમાં જમીનની ગુણવતા સુધારવા માટેના પ્રોજેક્ટ માટે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. વિજેતાઓને એક કસ્ટમ ટ્રોફી (મશરૂમ અને માનવ પગના આકારની) તથા 10 ટ્રિલિયન ઝિમ્બાબ્વે ડોલરની સાંકેતિક બેંકનોટ આપવામાં આવી હતી.

- ભારતીય વાયુસેના (IAF)એ **સુખોઈ Su-30MKI** ફાઈટર જેટ પરથી દેશી ટેકનોલોજીથી વિકસાવવામાં આવેલા લોંગ-રેન્જ ગ્લાઈડ બોંબ **'ખગાંતક-243' (Khagantak-243)નું** સફળ ડ્રોપ ટ્રાયલ પરીક્ષણ કર્યું. 12,000 મીટરની ઊંચાઈએથી છોડવામાં આવે ત્યારે આ બોંબ 140 kmથી વધુ દૂર રહેલા લક્ષ્યાંકને ચોક્કસાઈથી તોડી પાડી શકે છે. તે ઇનર્શિયલ નેવિગેશન સિસ્ટમ (INS) અને જામિંગ-રેઝિસ્ટન્ટ સેટેલાઈટ નેવિગેશન (Multi-GNSS)નો ઉપયોગ કરે છે. આ સિસ્ટમ JSR Dynamics અને Bharat Electronics Limited (BEL) દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવી છે.

- **જોર્જિયા મેલોની** સતત 1,413 દિવસ વડાપ્રધાન રહીને ઇટાલીના યુદ્ધ પછીના ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સતત પદ પર રહેનાર પ્રથમ નેતા બન્યાં. તેઓ ઇટાલીનાં પ્રથમ મહિલા વડાપ્રધાન છે અને બ્રધર્સ ઓફ ઇટાલી પક્ષનું નેતૃત્વ કરે છે. તેમણે સિલ્વિયો બર્લસ્કોનીનો 1,412 દિવસનો રેકોર્ડ તોડયો છે.

- વૈશ્વિક સ્તરે હીરાના કટિંગ અને પોલિશિંગમાં અગ્રેસર સુરત શહેરે હવે આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ માર્કેટમાં પણ પોતાની કળાનો ડંકો વગાડયો છે. વિયેતનામ ખાતે યોજાઈ રહેલા “પિકલબોલ વર્લ્ડ કપ 2026' માટે તૈયાર કરવામાં આવેલી વિજેતા ટ્રોફી સંપૂર્ણપણે સુરતમાં બની છે. આ વૈશ્વિક ટ્રોફીનું બજાર મૂલ્ય 5 લાખ ડોલર (આશરે 4.15 કરોડ રૂપિયાથી વધુ) આંકવામાં આવ્યું છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે ટ્રોફીમાં જડાયેલા તમામ 5616 નંગ લેબ-ગ્રોન હીરાનું કટિંગ અને પોલિશિંગ સુરતના કારીગરોએ કર્યું છે, ટ્રોફીનું સમગ્ર ફેબ્રિકેશન અને મેકિંગ સુરતની કંપનીએ કર્યું છે અને તેનું આંતરરાષ્ટ્રીય સર્ટિફિકેશન પણ સુરત સાથે જોડાયેલી ‘નેચરલમાર્ક લેબ’ ની પહેલ ‘લેબગ્રોનમાર્ક' દ્વારા કરવામાં આવ્યું છે.

- કેન્દ્ર સરકારના National Action Plan for Drug Demand Reduction (NAPDDR) હેઠળ ડ્રગ્સના દુરુપયોગને રોકવાના પ્રયાસોમાં **મિઝોરમ** રાજ્યને દેશમાં પ્રથમ સ્થાન મળ્યું. NAPDDRનો હેતુ ડ્રગ્સનો દુરુપયોગ અટકાવવો, વ્યસનીઓની સારવાર અને પુનર્વસન, સેવાઓને મજબૂત બનાવવી તથા બાળકો-યુવાનોમાં જાગૃતિ ફેલાવવાનો છે. મિઝોરમમાં નશા મુક્ત ભારત અભિયાન (NMBA) પણ તમામ જિલ્લાઓમાં અમલમાં છે. રાજ્યના સારા પ્રદર્શન માટે સરકાર, જિલ્લા વહીવટ, ચર્ચ અને સ્વૈચ્છિક સંસ્થાઓ વચ્ચેના સંકલનને મહત્ત્વપૂર્ણ માનવામાં આવ્યું છે.

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ **ડૉ. દિનેશ શર્માની** આંદામાન અને નિકોબાર ટાપુઓના ઉપરાજ્યપાલ (લેફ્ટનન્ટ ગવર્નર) તરીકે નિમણૂક કરી. કેન્દ્રશાસિત પ્રદેશમાં ઉપરાજ્યપાલની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

- જાપાનની સંસદે ઇમ્પિરિયલ હાઉસ કાયદામાં સુધારો કર્યો હોવા છતાં રાજસિંહાસન માટે માત્ર પુરુષ ઉત્તરાધિકારીની જોગવાઈ યથાવત્ રાખી. જોકે રાજપરિવારની મહિલાઓ સામાન્ય નાગરિક સાથે લગ્ન કર્યા બાદ પણ શાહી દરજ્જો જાળવી શકશે. જાપાનના 20 વર્ષીય પ્રિન્સ હિસાહિતો સમ્રાટ નારુહિતોના ભત્રીજા અને ક્રાઉન પ્રિન્સ અકિશિનોના એકમાત્ર પુત્ર છે તથા ક્રાઇસન્થેમમ સિંહાસનના ઉત્તરાધિકાર ક્રમમાં બીજા સ્થાને છે. રાજાની પુત્રી પ્રિન્સેસ આઇકોને મહિલા હોવાને કારણે ઉત્તરાધિકારનો અધિકાર નથી. પ્રિન્સ હિસાહિતો હાલમાં ત્સુકુબા યુનિવર્સિટીમાં જીવવિજ્ઞાનનો અભ્યાસ કરી રહ્યા છે અને શાહી જવાબદારીઓ પણ નિભાવી રહ્યા છે.

- 8 સપ્ટેમ્બર -વિશ્વ સાક્ષરતા દિવસ. યુનેસ્કોએ સાક્ષરતા દરમાં વૃદ્ધિ કરવા માટે આ દિવસ ઉજવણીની જાહેરાત 1967માં કરી હતી. વર્ષ 2026ની થીમ **Literacy for people, the planet and prosperity**.

- ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ કુટીર અને ગ્રામોદ્યોગ નીતિ-2016 અંતર્ગત વર્ષ 2025ના **'હાથશાળ-હસ્તકલા પુરસ્કાર'ની** જાહેરાત કરવામાં આવી જેમાં રાજ્યના ઉત્કૃષ્ટ કારીગરોને પ્રોત્સાહિત કરવા માટે કુલ 15 એવોર્ડ (11 રાજ્ય કક્ષા અને 4 ઝોન વાઈઝ) એનાયત કરવામાં આવશે.

  - **ટેક્ષ્ટાઈલ સેક્ટર -** પ્રથમ: સુનીલ દિનેશ મંગરિયા (કચ્છ) - હાથવણાટ ક્રાફ્ટ સ્ટોલ
  - **ભરતકામ સેક્ટર -** પ્રથમ: આનંદબા જેસુભા ચૌહાણ (બનાસકાંઠા)- એપ્લીકવર્ક વોલપીસ
  - **મોતીકામ/ચર્મકામ/અર્થન/લાકડું/મેટલ સેક્ટર -** પ્રથમ: પુજા નવીનભાઈ ચૌહાણ (કચ્છ)- મડમીરર વર્ક ('લિપ્પન આર્ટ')
  - **અન્ય ક્રાફ્ટ સેક્ટર -** પ્રથમ: અશોકભાઈ કંચનભાઈ ચિતારા (અમદાવાદ) - કલમકારી (માતાની પછેડી પાવાની દેવી)
  - **<u>ખાસ કેટેગરીઓ</u>**

- ✓ મહિલા કેટેગરી: પુજા શંકર ધોરીયા (કચ્છ) - મશરૂ વણાટ સ્ટોલ
- ✓ યુવા કારીગર કેટેગરી: વિજય જેમલ મારવાડા (કચ્છ) - લુડિયા વુડ કાવિંગ (હાથકોતરણી ઝરૂખો)
- ✓ લુપ્ત થતી કલા કેટેગરી: જીતેન્દ્ર મગનભાઈ ઘેચડા (કચ્છ) - ટાંગલીયા કાફ્ટ (કચ્છી ટાંગલીયા શાલ)
- ✓ ઝોન વાઈઝ એવોર્ડ વિજેતાઓ (પ્રથમ પારિતોષિક)
- ✓ ઉત્તર ઝોન: ચંદ્રાબેન સગાળાભાઈ ડોહટ (બનાસકાંઠા) - સુફ ભરત શર્ટ
- ✓ મધ્ય ઝોન: રોહન જયંતીભાઈ ચિતારા (અમદાવાદ) - કલમકારી ('માતાની પછેડી દેવીના અવતાર')
- ✓ કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોન: અબ્દુલહમીદ આરબ ખત્રી (કચ્છ) - રોગન આર્ટ ('ટ્રી ઓફ લાઈફ')
- ✓ દક્ષિણ ઝોન: અલકાબેન ચીનુભાઈ પરમાર (સુરત) - આરીભરત વોલપીસ



# 9 સપ્ટેમ્બર

- રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI)ના ડેટા મુજબ, ભારતનો વિદેશી મુદ્રા ભંડાર (Forex Reserves) **$11.475 બિલિયન** વધીને **$740.803 બિલિયન** રેકોર્ડ ઓલ-ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો છે.

- ઓડિશાના બાલાસોરના જંગલ વિસ્તારમાંથી વન વિભાગના અધિકારીઓએ ઓછામાં ઓછા 8 ઓરેંગુટાનનો આબાદ બચાવ કર્યો. ઓરેંગુટાન મૂળ ભારતનાં પ્રાણીઓ નથી, જેના કારણે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ આશ્ચર્યમાં મૂકાયા છે. આ દુર્લભ જીવો આ વિસ્તારમાં કેવી રીતે અને ક્યાંથી આવ્યાં, તેની પાછળ કોઈ આંતરરાષ્ટ્રીય વન્યજીવ તસ્કરીનું નેટવર્ક કામ કરી રહ્યું છે કે નહીં તે દિશામાં વન વિભાગે ઊંડી તપાસ શરૂ કરી છે.

- ભારતીય વાયુસેના હવે ભવિષ્યના યુદ્ધમાં મહત્ત્વપૂર્ણ બની રહેલા ડ્રોન અને કાઉન્ટર-ડ્રોન ક્ષેત્રમાં સ્વદેશી ક્ષમતાને વધુ મજબૂત કરવાની દિશામાં આગળ વધી રહી છે. આઈએએફ દ્વારા 14થી 16 સપ્ટેમ્બર દરમિયાન જેસલમેર સ્થિત પોખરણ રેન્જમાં 'ડ્રોનાથોન-2026'નું આયોજન કરવામાં આવશે. તેમાં દેશના સ્થાનિક ઉત્પાદકો, સ્ટાર્ટ-અપ્સ અને ઈનોવેટર્સને તેમની અનમેન્ડ એરિયલ સિસ્ટમ્સ અને કાઉન્ટર અનમેન્ડ એરિયલ સિસ્ટમ્સની ક્ષમતા પ્રદર્શિત કરવાની તક મળશે.

- 9 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ EV દિવસ' ઉજવાય છે.

- ગુજરાતનાં એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં 72મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ સમારોહનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં 92 વિજેતાઓને સન્માનિત કરવામાં આવશે. નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NFDC) દ્વારા વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.
  - ✓ શ્રેષ્ઠ ફીચર ફિલ્મ: આર્ટિકલ 370
  - ✓ શ્રોષ્ઠ અભિનેતા: કાર્તિક આર્યન (ચંદુ ચેમ્પિયન) અને મમ્મુટી (બ્રહ્મયુગમ)
  - ✓ શ્રેષ્ઠ અભિનેત્રી: યામી ગૌતમ (આર્ટિકલ 370)
  - ✓ શ્રેષ્ઠ નિર્દેશન (નોન-ફીચર કેટેગરી): આનંદ એલ. રાય (સ્ટેચ્યુ ઓફ યુનિટી- એક્તા કા પ્રતીક માટે)

- ભારતના ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને ચેન્નઈ, તમિલનાડુ ખાતે યોજાયેલી ઈન્ડિયા વાલ્સ 2026 કોન્ફરન્સ દરમિયાન **'ઈન્ડિયા વાલ્વ રજિસ્ટ્રી'નું** ઉદ્ઘાટન કર્યું કતું. આ રજિસ્ટ્રી હૃદયના વાલ્વની સારવાર મેળવતા દર્દીઓના વાસ્તવિક ક્લિનિકલ ડેટાને સુરક્ષિત અને ગોપનીય રીતે એકત્રિત કરવાનો એક રાષ્ટ્રીય મલ્ટીસેન્ટર ડેટાબેઝ છે. આ લોન્ચિંગનો ઉદ્દેશ્ય ભારતીય દર્દીઓ માટે હૃદયના વાલ્વ ઉપચારના આધારે ભારત-વિશિષ્ટ ક્લિનિકલ પુરાવા ઉભા કરવા અને સારવારના પરિણામોમાં સુધારો કરવાનો છે.

- ધ્રોલના **ભૂચરમોરી** ખાતે શીતળા સાતમના પર્વ નિમિત્તે 35મા શહીદ શ્રદ્ધાંજલિ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યસભાના સાંસદ કેશરીદેવસિંહ ઝાલાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં

રાજ્ય શિક્ષણ મંત્રી શ્રીમતી રીવાબા જાડેજા અને રાજ્ય મહેસૂલ મંત્રી સંજયસિંહ મહીડા સહિતના મહાનુભાવોએ શહીદ સ્મારક, શૂરવીર જામ અજાજી, તેમનાં ધર્મપત્ની સુરજબા તેમજ ભૂચરમોરીના વીરોની ખાંભી-પાળિયાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં.

- ભારતીય અંડર-20 પુરુષ ફૂટબોલ ટીમે 20 વર્ષના લાંબા વિરામ બાદ AFC U20 એશિયન કપની મુખ્ય ટૂર્નામેન્ટ માટે ક્વોલિફાય કર્યું છે. ભારતે અગાઉ છેલ્લે 2006માં આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## 10 સપ્ટેમ્બર

- અત્યાર સુધી આપણે કોઈ ઘર કે ઓફિસનું લોકેશન દર્શાવવા માટે છ અંકોના પિન (પોસ્ટ ઇન્ડેક્સ નંબર)નો ઉપયોગ કરતા આવ્યા છીએ. ભારતીય ટપાલ વિભાગે હવે સચોટ ડિજિટલ ઓળખ માટે **ડિજિપિન (ડિજિટલ પોસ્ટલ ઇન્ડેક્સ નંબર) એડ્રેસિંગ સિસ્ટમ** શરૂ કરી છે. જેમાં **10 અક્ષરો અને અંકોનો** એક કોડ મળશે. તેનાથી કોઈપણ જગ્યાની ઓળખ પિન કોડ કરતાં વધુ સચોટ રીતે કરી શકાશે. ખાસ વાત એ છે કે ડિજિપિન વર્તમાન પિન કોડની જગ્યા નહીં લે. તેનો ઉપયોગ જૂનાં સરનામાં અને પિન કોડની સાથે કરી શકાશે. આ સિસ્ટમ ઓફલાઇન પણ કામ કરી શકે છે. તેને આશરે 4 મીટરની સચોટતા સાથે લોકેશન નક્કી કરવામાં સક્ષમ બનાવાયું છે.

- 10 સપ્ટેમ્બરના દિવસે વિશ્વ આપઘાત નિવારણ દિવસ તરીકે મનાવવામાં આવે છે. વૈશ્વિક સ્તરે 15થી 24 વર્ષના યુવાનોમાં મૃત્યુનાં કારણોમાં આપઘાત પ્રથમ ક્રમાંકે જોવા મળે છે. ભારતમાં છેલ્લા 30 વર્ષમાં આપઘાતના પ્રમાણમાં આશરે 30 ટકા જેટલો વધારો જોવા મળ્યો છે.

- ગુજરાતને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે રાજ્યના પોલીસ વડા **જ્ઞાનેન્દ્રસિંહ મલિક** દ્વારા દરેક જિલ્લા અને શહેરમાં એક સમર્પિત એન્ટી નાર્કોટિક્સ વિંગ (ANW) બનાવવાનો આદેશ અપાયો છે. દરેક વિંગમાં 1 PI, 1PSI, 2 ASI/હેડ કોન્સ્ટેબલ અને 4 કોન્સ્ટેબલ મળીને કુલ આઠ સભ્યો રહેશે.

- ગુજરાત સરકારે **'મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના'** હેઠળ આદિમ જનજાતિઓના વિકાસને વેગ આપવા મહત્ત્વપૂર્ણ વહીવટી સુધારો કર્યો છે. **અમદાવાદ, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ અને જૂનાગઢ** જિલ્લામાં જનજાતિ વિકાસ વિભાગના વર્ગ-1 અધિકારીઓને જિલ્લા કક્ષાની સમિતિના સભ્ય સચિવ બનાવાયા છે. આ વ્યવસ્થાથી પઢાર અને સીદી સમુદાય માટે શિક્ષણ, આરોગ્ય, આવાસ, રોજગાર અને આર્થિક સશક્તીકરણની યોજનાઓનું આયોજન, મંજૂરી, દેખરેખ અને અમલીકરણ ઝડપી બનશે. સ્થાનિક વર્ગ-2 કચેરીઓ ટેકનિકલ મંજૂરી, સ્થળ તપાસ અને પ્રમાણપત્રોની કામગીરી સંભાળશે.

- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ **27 નવેમ્બરને** 'બાળ, વહેલાં અને બળજબરીના લગ્ન નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે ઉજવવાનો ઠરાવ સર્વસંમતિથી સ્વીકાર્યો છે. સિયેરા લિયોને રજૂ કરેલા ઠરાવને આશરે 70 દેશોએ સહ-પ્રાયોજક તરીકે સમર્થન આપ્યું હતું.. ભારત માટે 27 નવેમ્બરનું વિશેષ મહત્ત્વ છે, કારણ કે આ જ દિવસે વર્ષ **2024માં 'બાલ વિવાહ મુક્ત ભારત'** અભિયાન શરૂ કરાયું હતું. આ પહેલ લિંગ સમાનતા સંબંધિત SDG-5ના લક્ષ્ય 5.3ને વર્ષ 2030 સુધી પ્રાપ્ત કરવાના વૈશ્વિક પ્રયાસોને મજબૂત બનાવશે.

- ભારતની સ્ટાર બેડમિન્ટન જોડી **સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી** અને **ચિરાગ શેટ્ટીએ** શેનઝેનમાં યોજાયેલી 2026 BWF ચાઇના માસ્ટર્સ સુપર 750 ટૂર્નામેન્ટમાં પુરુષ ડબલ્સનું ઐતિહાસિક ટાઇટલ જીત્યું છે. આ તેમનું પ્રથમ ચાઇના માસ્ટર્સ અને કારકિર્દીનું 10મું BWF વર્લ્ડ ટૂર ટાઇટલ છે. આ જીત સાથે તેઓ ચાઇના માસ્ટર્સનું પુરુષ ડબલ્સ ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય જોડી બન્યા છે.

- અસમમાં આવેલા અહોમ રાજવંશના **રંગપુર-શિવસાગર** ઐતિહાસિક સ્મારક સમૂહને યુનેસ્કો (UNESCO) ની વર્લ્ડ હેરિટેજ સંભવિત યાદી (Tentative List) માં સામેલ કરવામાં આવ્યું છે. પેરિસમાં યુનેસ્કો ખાતેના ભારતના કાયમી મિશન દ્વારા આ અંગેનો ડોઝિયર સાંસ્કૃતિક માનદંડ (III) અને (iv) હેઠળ સબમિટ કરવામાં આવ્યો હતો. અહોમ રાજવંશે 1228 થી 1826 (લગભગ 600 વર્ષ) સુધી બ્રહ્મપુત્રા ઘાટી પર શાસન કર્યું હતું. તેમણે શિવસાગર પ્રદેશને પોતાનું રાજકીય અને સાંસ્કૃતિક કેન્દ્ર બનાવ્યું હતું. રંગપુર **અહોમ** શાસકોની રાજધાની તરીકે મહત્વપૂર્ણ હતું, જ્યારે શિવસાગર વિસ્તાર અહોમ યુગના મંદિરો, રાજમહેલો અને અન્ય ઐતિહાસિક સ્મારકો માટે જાણીતો છે. રંગપુર શહેરની સ્થાપના 1704માં અહોમ શાસક **રુદ્ર સિંઘે** કરી હતી.

- ગુજરાત સરકારે અમદાવાદની **સોલા GMERS હોસ્પિટલમાં** ત્રણ સભ્યોનું કાયમી મેડિકલ બોર્ડ રચવાનો નિર્ણય લીધો છે. જે શિક્ષણ વિભાગના વર્ગ-3 તથા GSRTCના વર્ગ-3 અને વર્ગ-4 કર્મચારીઓને તબીબી કારણોસર બદલી અથવા કેડર  ફેરફાર માટે જરૂરી 'ફિટ' કે 'અનફિટ' પ્રમાણપત્ર આપશે. અમદાવાદ, ગાંધીનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લાના શિક્ષકોને તેનો લાભ મળશે. GSRTCના અમદાવાદ, મહેસાણા, હિંમતનગર અને પાલનપુર વિભાગો પણ તેમાં આવરી લેવાયા છે. બોર્ડના અધ્યક્ષ સિવિલ સર્જન અથવા મેડિસિન વિભાગના વરિષ્ઠ પ્રોફેસર રહેશે.

- બેંગલુરુની ડીપ-ટેક કંપની **એસ્ટ્રોગેટ લેબ્સ** ભારતનું પ્રથમ સ્વદેશી ઓપ્ટિકલ ઇન્ટર-સેટેલાઇટ લિંક (OISL) ટર્મિનલ વિકસાવી રહી છે. જેને વર્ષ 2027 સુધીમાં અવકાશ ઉડાન માટે તૈયાર કરવાનું લક્ષ્ય છે. OISL લેસર કિરણો દ્વારા એક ઉપગ્રહથી બીજા ઉપગ્રહ વચ્ચે સીધો, ઝડપી અને સુરક્ષિત ડેટા સંચાર શક્ય બનાવે છે. કંપનીએ બેંગલુરુ સ્પેસ એક્સ્પો. (BSX) 2026માં તેની OISL ક્ષમતા રજૂ કરી હતી. સાથે જ એસ્ટ્રોલિંક માઇક્રો, 10 Gbpsનું સ્પેસ-ટુ-ગ્રાઉન્ડ લેસર કોમ્યુનિકેશન ટર્મિનલનું પ્રદર્શન કરવામાં આવ્યું. આ ટેકનોલોજી RF પ્રણાલીઓ પરની નિર્ભરતા ઘટાડીને ભારતીય ઉપગ્રહ નેટવર્કને મજબૂત બનાવશે.

## 11 સપ્ટેમ્બર

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્યિક એવોર્ડ 2026નું આયોજન કરવામાં આવ્યું. લોકસાહિત્યના સંશોધન, સંપાદન અને પ્રચાર - પ્રસાર ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન બદલ સાહિત્યકાર અને પત્રકાર **રાજુલ દવેને** તથા લોકસંગીત અને ગાયન ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપવા બદલ જાણીતા લોકગાયક **બિહારીદાન ગઢવીને** આ એવોર્ડ આપવામાં આવ્યો.

- **રશિયાએ** પોતાની આર્ક્ટિક તેલ પરિવહન પ્રણાલી **'વોસ્ટોક ઓઇલ ટ્રંક પાઇપલાઇન'** દ્વારા પ્રથમ કાચા **તેલનું પરિવહન શરૂ કર્યું** છે. સેવર બે (Sever Bay) ટર્મિનલ ખાતેથી આર્ક્ટિક ટેન્કર 'વેલેન્ટિન પિકુલ' પર પ્રથમ તેલનું લોડિંગ કરવામાં આવ્યું હતું. વોસ્ટોક ઓઇલ પ્રોજેક્ટએ રશિયાની રોસ્નેફ્ટ (Rosneft) કંપની હેઠળનો આર્ક્ટિક તેલ વિકાસ પ્રોજેક્ટ છે, જેમાં આશરે 7 અબજ ટન કાચા તેલનો જથ્થો રહેલો

છે. પ્રથમ તબક્કાની પાઈપલાઈન વાનકોર ક્લસ્ટર અને પાયાખા ગ્રુપનાં તેલ ક્ષેત્રોને દરિયાકાંઠાના સેવર બે ટર્મિનલ સાથે જોડે છે. રોશનેફ્ટ દ્વારા 2030 સુધીમાં આ સિસ્ટમ મારફતે વાર્ષિક 50 મિલિયન ટન તેલ નિકાસ કરવાનું આયોજન છે.

- 11 સપ્ટેમ્બર રાષ્ટ્રીય વન શહીદ દિવસ. આ દિવસ વનકર્મીઓને સન્માનિત કરવા માટે ઉજવવામાં આવે છે. વીર વનકર્મીઓની સ્મૃતિમાં ગાંધીનગરના સેક્ટર 30માં આવેલા વન ચેતના કેન્દ્ર ખાતે વનપાલ સ્મારકનું નિર્માણ કરવામાં આવેલું છે.

- ભારતની **શીતલ દેવીએ** અમદાવાદ ખાતે યોજાયેલ 'હ્યુન્ડાઇ વર્લ્ડ આર્ચેરી પેરા સિરીઝ'ની કમ્પાઉન્ડ મહિલા વિમેન્સ ફાઇનલમાં કઝાકિસ્તાનની આઇઝાડા સૈદાન ને શૂટ-ઓફમાં હરાવીને કારકિર્દીનો પ્રથમ વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીત્યો છે.

- **9 સપ્ટેમ્બર 2026ના** રોજ **9મા રાષ્ટ્રીય પોષણ માસ (National Nutrition Month)ની** શરૂઆત કરવામાં આવી છે. આ વર્ષની થીમ **'હમારી આંગણવાડી, હમારી જિમ્મેદારી'** રાખવામાં આવી છે. આ અભિયાનનો મુખ્ય હેતુ આંગણવાડી કેન્દ્રોને પોષણ, બાળસંભાળ અને પ્રારંભિક બાળ વિકાસના મુખ્ય કેન્દ્ર બનાવવાનો છે.

- ગુજરાત વિધાનસભા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અદ્યતન પોર્ટેબલ મોબાઈલ ઈમરજન્સી મેડિકલ હોસ્પિટલ 'BHISHM Cube-R300 ના વિશિષ્ટ નિદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતુ. આ સિસ્ટમ ભારત સરકારના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સેક્રેટરીએટ (NSCS)ની 'આરોગ્ય મૈત્રી' પહેલ અંતર્ગત વિકસાવવામાં આવી છે. 72 મોયુલર મિની-ક્યુબ્સ ધરાવતી આ સિસ્ટમ માત્ર 12 મિનિટથી ઓછા સમયમાં સ્થાપિત થઈને એકસાથે 300 ઈજાગ્રસ્તોને ઈમરજન્સી સારવાર આપી શકે છે. આ પોર્ટેબલ હોસ્પિટલ વેન્ટિલેટર, મિની-લેબ, ઓક્સિજન પુરવઠો અને સર્જિકલ સાધનો સહિત 400થી વધુ તબીબી સામગ્રીથી સજ્જ છે.

- ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા અમદાવાદની કુબેરનગર ITI ખાતેથી 'ગણવેશ સહાય યોજનાનો' રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો. કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. બજેટમાં રૂ. 30 કરોડની જોગવાઈ છે, જેનાથી 289 સરકારી ITIના 1.5 લાખ તાલીમાર્થીઓને લાભ મળશે. બે જોડી ગણવેશ માટે બેંક ખાતામાં સીધા **રૂ. 2,000** DBT દ્વારા જમા થશે. વિદ્યાર્થીનીઓને કુલ રૂ. 24,000ની આર્થિક સહાય મળશે જેમાં પ્રથમ વર્ષે રૂ. 15,000 અને બીજા વર્ષે રૂ. 9,000 સહાય મળશે.



# 12 સપ્ટેમ્બર

- રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ (NCSC)ના અધ્યક્ષ **કિશોર મકવાણાની** 'ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ જન સેવા પુરસ્કાર 2026' માટે પસંદગી કરવામાં આવી છે. તેમના નેતૃત્વ હેઠળના આયોગના સામાજિક ન્યાય અને સશક્તિકરણના પ્રયાસોને આ પુરસ્કાર દ્વારા માન્યતા મળી છે. બંધારણની કલમ 338 અંતર્ગત સ્થાપિત NCSCની મુખ્ય ભૂમિકા અનુસૂચિત જાતિના બંધારણીય અને કાનૂની રક્ષણાત્મક ઉપાયોની દેખરેખ તથા તેમના અધિકારોનું રક્ષણ કરવાની છે. પ્રાઇમ પોઇન્ટ ફાઉન્ડેશન અને સંસદ રત્ન એવોર્ડ્સ સમિતિએ NCSCને આ સન્માન માટે પસંદ કર્યું છે. કિશોર મકવાણા ગુજરાતના જાણીતા લેખક, પત્રકાર અને સામાજિક કાર્યકર છે.

- ગુજરાત સરકારે ખેતીની જમીનના નવા સર્વે નંબર માટે રાજ્યભરમાં લઘુતમ પ્રમાણભૂત ક્ષેત્રફળ **10 ગુંઠા** એટલે કે **1,012 ચોરસ મીટર** નક્કી કર્યું છે. આ મર્યાદાથી નાનો જમીન ભાગ બનાવી શકાશે નહીં. આ માટે 70 વર્ષ જૂના 'ગુજરાત પ્રિવેન્શન ઑફ ફ્રેગમેન્ટેશન એન્ડ કન્સોલિડેશન ઑફ હોલ્ડિંગ્સ એક્ટ, 1947'માં વટહુકમ દ્વારા સુધારો કરાયો અને મહેસૂલ વિભાગે બે જાહેરનામાં બહાર પાડ્યાં. આ અગાઉ સમગ્ર ગુજરાતમાં આ મર્યાદા સમાન નહોતી. વિવિધ વિસ્તારોમાં તે 20 ગુંઠાથી લઈને 3 એકર સુધી હતી. આ 10 ગુંઠાની નવી લઘુત્તમ મર્યાદા શહેરી વિસ્તારોને લાગુ પડતી નથી. આ સુધારો મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારમાં લાગુ પડે છે.

- જાપાનની **Astroscale** કંપનીએ ભારતની બે અવકાશ ક્ષેત્રની સ્ટાર્ટઅપ કંપનીઓ **Digantara** અને **Bellatrix Aerospace** સાથે અવકાશ કચરા (Space Debris) સંબંધિત ટેક્નોલોજી અને સેવાઓ માટે સહયોગ કરવાનો કરાર કર્યો છે. સહયોગનો મુખ્ય ઉદ્દેશ પૃથ્વીની કક્ષામાં રહેલા અવકાશી કચરાનું નિરીક્ષણ કરવું, તેને દૂર કરવો અને ઉપગ્રહોની સુરક્ષિત કામગીરી માટે On-orbit સેવાઓ વિકસાવવાનો છે. આ સહયોગ Astroscale માટે ભારતીય બજારમાં પ્રવેશનું મહત્ત્વપૂર્ણ પગલું છે. ઉપગ્રહો, રોકેટના બાકી રહેલા ભાગો તથા અન્ય માનવસર્જિત નિષ્ક્રિય પદાર્થો પૃથ્વીની કક્ષામાં ફરતા રહે છે, જેને અવકાશી કચરો (Space Debris) કહેવામાં આવે છે.

- BRICS શિખર સંમેલન-2026, નવી દિલ્હી ખાતે PM નરેન્દ્ર મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને પ્રાચીન તમિલ ગ્રંથ **'તિરુક્કુરલ'નું** રશિયન સંસ્કરણ ભેટ આપ્યું. કવિ અને દાર્શનિક તિરુવલ્લુવર દ્વારા રચિત આ ગ્રંથ લગભગ 2,000 વર્ષ જૂનો માનવામાં આવે છે. તેમાં 133 અધ્યાયોમાં કુલ 1,330 દ્વિપદીઓ છે. ગ્રંથ અરમ્ (સદાચાર), પોરુલ્ (ધન અને શાસન) તથા ઇનબમ્ (પ્રેમ) એમ ત્રણ વિભાગમાં વિભાજિત છે. આ ગ્રંથ નૈતિકતા, સુશાસન અને વ્યક્તિગત આચરણ અંગે માર્ગદર્શન આપે છે, જે તમિલ સાહિત્યનો અમૂલ્ય વારસો છે. આ વિશેષ આવૃત્તિમાં મૂળ તમિલ શ્લોકો સાથે તેમનું લિપ્યંતરણ અને નાયરા મ્કર્તચ્યાન દ્વારા કરવામાં આવેલ રશિયન અનુવાદ છે.

- દુલીપ ટ્રોફી 2026માં **ઈસ્ટ ઝોને** સાઉથ ઝોનને હરાવીને ખિતાબ જીત્યો. ફાઇનલ મેચ ડ્રો રહી હતી, પરંતુ પ્રથમ દાવમાં ઈસ્ટ ઝોનને મળેલી 372 રનની લીડના આધારે આ ટીમને વિજેતા જાહેર કરવામાં આવી. ઈશાન કિશને બીજા દાવમાં 80 રન બનાવ્યા અને 'પ્લેયર ઑફ ધ મેચ' બન્યો. આ ઈસ્ટ ઝોનનો ત્રીજો દુલીપ ટ્રોફી ખિતાબ છે અને 14 વર્ષ બાદ તેણે આ ખિતાબ જીત્યો છે. વેસ્ટ ઝોન કુલ 19 ખિતાબ સાથે આ

સ્પર્ધાની સૌથી સફળ ટીમ છે. દુલીપ ટ્રોફી BCCI દ્વારા 1961–62માં શરૂ કરવામાં આવેલી ભારતની પ્રથમ શ્રેણીની સ્થાનિક ક્રિકેટ સ્પર્ધા છે. તેનું નામ ક્રિકેટર દુલીપસિંહજીના નામ પરથી રાખવામાં આવેલ છે.

- દક્ષિણ રેલવેએ પોતાના સમગ્ર 5,068 રૂટ કિલોમીટર લાંબા બ્રોડગેજ નેટવર્કનું 100% વિદ્યુતીકરણ પૂર્ણ કર્યું. 71 કિમી લાંબા પટ્ટુકોટ્ટાઈ–કારાઈકુડી વિભાગનું વિદ્યુતીકરણ પૂર્ણ થતાં આ સિદ્ધિ હાંસલ થઈ. સંપૂર્ણ વિદ્યુતીકરણથી ટ્રેનોને માર્ગમાં ટ્રેક્શન બદલવાની જરૂર નહીં પડે તથા ઇલેક્ટ્રિક એન્જિનનો વધુ કાર્યક્ષમ ઉપયોગ થશે. તેનાથી ટ્રેનોની ગતિ, વિશ્વસનીયતા અને સંચાલન ક્ષમતામાં સુધારો થશે. સાથે જ અશ્મિભૂત ઇંધણ પરની નિર્ભરતા અને કાર્બન ઉત્સર્જન ઘટશે. દક્ષિણ રેલવેમાં ઇલેક્ટ્રિક ટ્રેક્શનની શરૂઆત 11 મે, 1931ના રોજ મદ્રાસ (વર્તમાન ચેન્નઇ)થી થઈ હતી. તે સમયે મદ્રાસ મુંબઈ બાદ ઇલેક્ટ્રિક ટ્રેક્શન શરૂ કરનાર બીજું મહાનગર બન્યું હતું.

## <u>13 સપ્ટેમ્બર</u>

- 13 સપ્ટેમ્બર - આંતરરાષ્ટ્રીય આદિવાસી અધિકાર દિવસ.

- ગુજરાત રાજ્ય વિધાનસભા દ્વારા રાજ્યમાં વેપાર અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને નિયમોને સરળ બનાવવા માટે 'ગુજરાત ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ બિલ 2026' પસાર કરવામાં આવ્યું. ઉદ્યોગ રાજ્યમંત્રી ડોક્ટર જયરામ ગામીત દ્વારા આપેલ રજૂ કરવામાં આવ્યો હતો જેમાં રાજ્યના 5 કાયદાઓની 12 જોગવાઈઓમાં સુધારા કરવામાં આવ્યા છે. આ બિલ મુજબ યોગ્યતા ધરાવતી દુકાનો અને વેપારી એકમો અઠવાડિયાના 7 દિવસ અને 24 કલાક ખુલ્લા રાખી શકાશે. નવા વ્યવસાયની નોંધણી પ્રક્રિયા સરળ બનાવવા માટે સ્વ જાહેરાતના આધારે તાત્કાલિક મંજૂરી આપવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. ગુજરાત ફાયર પ્રિવેન્શન એક્ટમાં સુધારો કરી ફાયર સેફ્ટીના નિયમો બિલ્ડીંગના પ્રકાર અને જોખમના સ્તર આધારિત બનાવવામાં આવ્યા છે. નવા કાયદા મુજબ નાગરિક સેવાઓમાં વિલંબ થતાં 'રાઇટ ઓફ પબ્લિક સર્વિસીસ એક્ટ' હેઠળ અરજી આપમેળે ઉચ્ચ અધિકારી સમક્ષ ટ્રાન્સફર કરવામાં આવશે. અન્ય રાજ્યોના રજીસ્ટર ડોક્ટરો સ્વ જાહેરાત આપીને ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં સહેલાઈથી રજીસ્ટ્રેશન મેળવી શકશે.

- કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે **ભૂજ** ખાતે મેંગ્રુવ સંરક્ષણ પુનઃસ્થાપન અને સતત વ્યવસ્થાપન પરની વર્કશોપની અધ્યક્ષતા કરી હતી. આ પ્રસંગે તેમણે મિષ્ટી યોજના હેઠળ થયેલી પ્રગતિની સમીક્ષા કરી અને વિજ્ઞાન આધારિત નિર્ણય લેવા માટે મહત્ત્વપૂર્ણ પોર્ટલ અને પુસ્તક લોન્ચ કર્યાં હતાં. MISHTI (Mangrove Initiative for Shoreline Habits and Tangible Income) યોજના હેઠળ વર્ષ 2023થી 2027 સુધીમાં 29,250 હેક્ટરના લક્ષ્યાંક સામે ગુજરાતે 27,652 હેક્ટર વિસ્તાર આવરી લીધો છે જેમાં કોરી ક્રીકના 12,450 હેક્ટરનો પણ સમાવેશ થાય છે. જાન્યુઆરી 2025માં ગુજરાતની પ્રથમ બાયોડાયવર્સિટી હેરીટેજ સાઈટ તરીકે ઘોષિત **ગુનેરી ઇનલેન્ડ મેન્ગ્રોવની કમિટીનું** સંરક્ષણ કાર્યો માટે સન્માન કરાયું.

- નોર્વેનાં પ્રિન્સેસ **એસ્ટ્રિડ (મિસિસ ફર્નર)નું** અવસાન થયું. તેઓ દિવંગત રાજા હેરાલ્ડ પંચમનાં મોટાં બહેન હતાં. હેરાલ્ડ પંચમના અંતિમ સંસ્કારમાં હાજરી આપ્યાના માત્ર બે દિવસ બાદ તેમનું પણ અવસાન થયું. મધર ક્રાઉન પ્રિન્સેસ માર્થાના 1954માં અવસાન બાદ એસ્ટ્રિડે નોર્વેનાં 'ફર્સ્ટ લેડી' તરીકે રાજકીય જવાબદારીઓ સંભાળી હતી. તેમણે રાજપરિવાર અને વિવિધ સામાજિક સંસ્થાઓ માટે દાયકાઓ સુધી

સેવા આપી. તેમના ભત્રીજા અને નોર્વેના નવા રાજા હાકોન આઠમાએ તેમને ઉષ્માભર્યા, કર્તવ્યનિષ્ઠ અને વફાદાર વ્યક્તિ તરીકે શ્રદ્ધાંજલિ આપી. તેમના સન્માનમાં રાજમહેલનો ધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો.

- અરુણાચલ પ્રદેશના તવાંગ જિલ્લામાં આવેલા પાંગકાંગ તેંગ ત્સો સરોવરમાં પ્રથમ વાર **'Schizopygopsis waddellii'** નામની ઠંડા પાણીમાં જીવતી દુર્લભ મીઠા પાણીની માછલી મળી આવી. ICAR–સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોલ્ડવોટર ફિશરીઝ રિસર્ચના વૈજ્ઞાનિકોએ આ શોધ કરી છે. અગાઉ આ હિમાલયથી માછલી તિબેટ અને ચીનના ઉચ્ચપ્રદેશોમાં મળી આવી હતી. અરુણાચલ પ્રદેશના નાયબ મુખ્યમંત્રી ચોના મૈને જણાવ્યું કે આ શોધ ભારતની મીઠા પાણીની જૈવવિવિધતાને વધુ સમૃદ્ધ બનાવે છે અને માછલીના જાણીતા ભૌગોલિક વિસ્તારનો વ્યાપ વધારે છે.

## 14 સપ્ટેમ્બર

- 14 સપ્ટેમ્બર - રાષ્ટ્રીય હિંદી દિવસ. ભારતની સત્તાવાર ભાષા તરીકે હિંદીની લોકપ્રિયતાને દર્શાવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે. ભારતીય બંધારણની કલમ 343 હેઠળ હિંદી રાષ્ટ્રીય ભાષા તરીકે અપનાવવામાં આવેલી છે. હિંદી વિશ્વની ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા છે.

- 14 સપ્ટેમ્બર - અખિલ અંધજન ધ્વજ દિન. આ દિવસે નેત્રહિન માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ જુદી-જુદી હરિફાઇઓ રાખે છે અને લોકોમાં જઇને તેમને ફ્લેગ આપીને ભંડોળ ભેગું કરે છે. નેત્રહીનોમાં અંધત્વ નિવારણ માટે અને તેને લગતા પુનર્વસન કાર્ય માટે આ ભંડોળ વાપરવામાં આવે છે.

- ટોક્યો પેરાલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા પ્રમોદ ભગતે જાપાન ઇન્ટરનેશનલ 2026માં પુરુષ સિંગલ્સ SL3 કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો. આ સાથે જ તેમણે સુકાંત કદમ સાથે જોડી બનાવીને પુરુષ ડબલ્સ SL3-SU5 શ્રેણીમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે.

- ઉત્તરાખંડના પંતનગર સ્થિત જી.બી. પંત કૃષિ અને ટેક્નોલોજી યુનિવર્સિટીના શૈક્ષણિક ડેરી ફાર્મમાં OPU-IVF ટેક્નોલોજીથી સ્વસ્થ **બદ્રી** વાછરડીનો જન્મ થયો. લેબમાં તૈયાર કરાયેલા બદ્રી ગાયના ભ્રૂણને સરોગેટ માતા તરીકે પસંદ કરાયેલી **સાહિવાલ** ગાયમાં પ્રત્યારોપિત કરવામાં આવ્યું હતું. આ સફળતા બદ્રી જેવી ઉત્તરાખંડની દેશી પશુજાતિના સંરક્ષણ, આનુવંશિક સુધારણા અને શ્રેષ્ઠ જર્મપ્લાઝમના ઝડપી સંવર્ધનમાં મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આ સંશોધન જી.બી. પંત યુનિ. અને ICAR–નેશનલ ડેરી રિસર્ચ ઇન્સ્ટિ., કરનાલના ત્રણ વર્ષના સંયુક્ત કાર્યક્રમનો ભાગ છે. OPU પદ્ધતિમાં દાતા ગાયમાંથી અંડકોષ એકત્ર કરી IVF દ્વારા ભ્રૂણ તૈયાર કરાય છે.

- ગુજરાત રાજ્યમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે અત્યાર સુધીમાં 13.66 બિલિયન ડૉલરથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે અને કેન્દ્ર સરકારે મંજૂર કરેલા કુલ 12 સેમિકન્ડક્ટર પ્રોજેક્ટમાંથી 6 ગુજરાતમાં સ્થપાઈ રહ્યા છે. **સાણંદ** અને **ધોલેરા** રાજ્યનાં મુખ્ય સેમિકન્ડક્ટર કેન્દ્રો તરીકે વિકસી રહ્યાં છે. સાણંદમાં માઇક્રોન ટેક્નોલોજીની ATMP સુવિધા ઉપરાંત CG Power અને Kaynes Semiconના પ્રોજેક્ટ કાર્યરત અથવા વિકાસાધીન છે. ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સ દ્વારા ભારતનું પ્રથમ વ્યાવસાયિક સેમિકન્ડક્ટર ફેબ બનાવવામાં આવી રહ્યું છે. આ રોકાણથી ઉત્પાદન, એસેમ્બલી, ટેસ્ટિંગ, પેકેજિંગ, ડિઝાઇન અને સંશોધન ક્ષેત્રે ગુજરાતની ક્ષમતા મજબૂત બની છે.

- ગુજરાત વીજ નિયામક આયોગે GERC Regulations, 2026 હેઠળ નવી નેટ મીટરિંગ વ્યવસ્થા રજૂ કરી. હવે પોતાની છત અથવા ટેરેસ ન ધરાવતા ગ્રાહકો અન્ય સ્થળે, જેમ કે ગામ કે ખેતરમાં, સોલાર પ્લાન્ટ સ્થાપીને ઉત્પન્ન વીજળીનો લાભ શહેરના પોતાના વીજ જોડાણ પર મેળવી શકશે. નવા નિયમોમાં પરંપરાગત નેટ મીટરિંગ સાથે ગ્રોસ મીટરિંગ, ગ્રુપ નેટ મીટરિંગ, વર્ચ્યુઅલ નેટ મીટરિંગ અને રિમોટ નેટ મીટરિંગ સહિત પાંચ વિકલ્પો ઉપલબ્ધ થશે. આ યોજનાથી ફ્લેટધારકો, રહેણાક સોસાયટીઓ અને છત વિનાના ગ્રાહકો પણ સૌર ઊર્જા અપનાવી શકશે. જોકે, બંને જોડાણ એક જ ટેરિફ શ્રેણી અને એક જ વીજવિતરણ કંપનીના કાર્યક્ષેત્રમાં હોવાં જરૂરી છે.

## 15 સપ્ટેમ્બર

- દર વર્ષે 15 સપ્ટેમ્બરના રોજ **'મોક્ષગુંડમ વિશ્વેશ્વરાયની'** જન્મજયંતીને એન્જિનિયર્સ ડે તરીકે ઓળખવામાં આવે છે. સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરાયનો જન્મ 15 સપ્ટેમ્બર 1861ના રોજ કર્ણાટકના મુડેનાડલ્લી ગામમાં થયો હતો. સર એમવીને **'આધુનિક મૈસુરના પિતા'** તરીકે ઓળખવામાં આવે છે. 1955માં ભારતના નિર્માણમાં યોગદાન બદલ તેમને 'ભારત રત્ન' એનાયત કરાયો હતો.

- 15 સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. યુએન જનરલ એસેમ્બલીએ 8 નવેમ્બર, 2007ના રોજ 15 સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું.

- દક્ષિણ એશિયામાં પ્રથમ વખત **ગાંધીનગર** ખાતે વર્લ્ડ સર્ક્યુલર ઇકોનોમિ ફોરમ 2026નું આયોજન કરવામાં આવ્યું. આ આયોજનની થીમ **'Circular Economy: Transition for people and prosperity'**. આ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટમાં 65થી વધુ દેશોના 2,000થી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે અને 125થી વધુ પ્રદર્શનકર્તાઓ (Exhibitors) નવીન ટેકનોલોજી પ્રદર્શિત કરશે.

- ભારતના આર્ચર **ધીરજ બોમ્માદેવરાએ** મેક્સિકોના સાલ્ટિલો ખાતે યોજાયેલ વર્લ્ડ કપ ફાઈનલમાં મેન્સ રિકર્વ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. તેઓ આ સિદ્ધિ મેળવનારા પ્રથમ ભારતીય પુરુષ આર્ચર બન્યા છે.

- રાષ્ટ્રીય HPV રસીકરણ અભિયાન હેઠળ **ગુજરાતે** તમામ પાત્ર લાભાર્થીઓને આવરી લઈને 100% લક્ષ્યાંક કવરેજ પ્રાપ્ત કર્યું. આ સિદ્ધિ મેળવનાર ગુજરાત દેશનાં માત્ર ચાર રાજ્યોમાં સામેલ છે. ગુજરાત ઉપરાંત, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને મિઝોરમે પણ 100% કવરેજ મેળવ્યું છે. આ રાષ્ટ્રીય અભિયાનનો મુખ્ય લક્ષ્યાંક 14 વર્ષની વયની કિશોરીઓને HPV રસી આપવાનો છે. રસીકરણ સ્વૈચ્છિક અને સરકારી આરોગ્ય કેન્દ્રોમાં નિઃશુલ્ક આપવામાં આવે છે તથા માતા-પિતાની સંમતિ જરૂરી છે. અભિયાનના નિરીક્ષણ માટે U-WIN ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવે છે. HPV રસીકરણ અને સ્ક્રીનિંગ દ્વારા સર્વાઇકલ કેન્સરનું જોખમ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે.

- જનજાતીય બાબતોના મંત્રાલય દ્વારા બેંગલુરુમાં વન અધિકાર અધિનિયમ (FRA), 2006ના અમલીકરણ અંગે પ્રથમ પ્રાદેશિક સમીક્ષા પરિષદ યોજાઈ. તેમાં આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને તેલંગાણાના અધિકારીઓએ વિવિધ મુદ્દાઓની સમીક્ષા કરી. બેઠકમાં વન અધિકારના દાવાઓના નિકાલ, સામુદાયિક વન અધિકાર અને આવાસ અધિકાર અંગે ચર્ચા કરવામાં આવી તથા સમયબદ્ધ અમલીકરણ માટે રોડમેપ તૈયાર કરવા સૂચના અપાઈ. FRA હેઠળ અનુસૂચિત જનજાતિ અને અન્ય

પરંપરાગત વનવાસીઓને વ્યક્તિગત તથા સામુદાયિક વન અધિકારોની માન્યતા આપવામાં આવે છે. ગ્રામસભા દાવાની પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

- ચીનના મોકીમાં યોજાયેલા જુનિયર હોકી એશિયા કપ 2026માં **ભારતે** પુરુષ અને મહિલા બંને વર્ગના ખિતાબ જીતી ઐતિહાસિક સફળતા મેળવી. ભારતીય મહિલા ટીમનો આ સતત ત્રીજો જુનિયર એશિયા કપ ખિતાબ છે. આ વિજય સાથે ભારતની બંને ટીમોએ 2027ના જુનિયર હોકી વર્લ્ડ કપ માટે પણ ક્વોલિફાય કર્યું છે.


